

## હરિજન સંત અને લોકસાહિત્ય (કંઠસ્થથી ગ્રંથસ્થ)

ડૉ. દલપત શ્રીમાળી
શ્રી ગુરુદેવ પ્રકાશન (પાલનપુર)
પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૮૯,
કિંમત : રૂ. ૨૦૦, પાનાં : ૭૨૦

*વીર માયાનું બલિદાન, ગુજરાતના સંતો અને ભક્ત કવિઓ, લોક કવિઓ અને ગુજરાત સિવાયના સંતો વિશે ઐતિહાસિક પ્રમાણો સાથેનો ઇતિહાસગ્રંથ. અનેક ચિત્રો, દસ્તાવેજો અને સંદર્ભો સાથેની આધારભૂત માહિતી.*

અને સહસ્રલિંગની મધ્યમાં ઊભેલો માટીનો મોટો ટીંબો, જે સામાન્ય જનસમાજમાં ''માયાના ટીંબા''થી જ ઓળખાય છે. કહે છે કે નરમેઘ ત્યાં જ થયો હતો. માયાના બલિદાનની અમર સ્મૃતિ જળવાઈ રહે તે માટે સિદ્ધરાજે તે જગ્યાએ તેનું ભવ્ય સ્મારક રચ્યું હતું. 'સરસ્વતી પુરાણ'કારે તેને વિધ્યવાસિની દેવીના મંદિરથી ઓળખાવ્યું, તો કોઇ ઇતિહાસકારે રાણીના મહેલથી! તો વળી કોઇએ રોજાથી!!

પરંતુ પરાપૂર્વથી હરિજનો દ્વારા તેના આરાધ્યદેવની થતી આવતી પૂજાને કારણે તે સ્થળ માયાની સમાધિથી વિખ્યાત બન્યું.'



## હવામાં ગોળીબાર

મન્નુ શેખચલ્લી
નવભારત સાહિત્ય મંદિર
પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦,
કિંમત : રૂ. ૧૦૦, પાનાં : ૨૧૬

*વિશિષ્ટ શૈલીનાં ૩૪ હાસ્યલેખો*

તમે સ્કૂટર લઇને જતા હો અને તમારી નજર બસ-સ્ટોપ પર ઊભેલા મિત્ર ઉપર પડે. તમે એને લિફ્ટ આપો અને છેક ઘર સુધી મૂકી આવો, ત્યારે તમારો ભાઇબંધ સ્કૂટર પરથી ઊતરીને તરત જ કહેશે, 'પછી કો'ક દિવસ ઘરે આવો શાંતિથી!'

(અલ્યા ભઇ, 'પછી' શા માટે? અને કો' ક દિવસ શા માટે? અને 'શાંતિથી' એટલે વળી શું?')

જો તમે ભૂલેચૂકે એમ પૂછી બેસો કે 'પછી શું કામ ભઇ? ચલને હમણાં જ આવું છું ચા પીવા!'

તો તરત જ તમારો ભાઇબંધ બોલી ઉઠશે, 'બસ ને? આપણને ચામાં જ પતાઇ દેવા છે ને? આ ન ચાલે હોં બોસ! તમે કો'ક દિવસ જમવા આવો.. શાંતિથી!'

હજી તમે આનો શું જવાબ આપવો તે વિચારી રહ્યા હો કે તરત જ પેલા ભાઈ રોકડું પરખાવશે, 'ચલો બસ? આવજો!'



## હાથમાં ઝાડુ, માથે મેલું

ડૉ. રમેશચંદ્ર પરમાર
સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત
પ્રથમ આવૃત્તિ : જુલાઇ, ૧૯૯૬, કિંમત : રૂ. ૪૦, પાનાં : ૧૧૬

ગુજરાતના રાણપુર ગામના સફાઇ કામદારોની માથે મેલું નાબૂદી માટેની, ન્યાય અને અધિકાર માટેની લડતનો અહેવાલ.

'પેલા બાલુબેન ક્યાં છે? અમારે એમની સાથે વાત કરવી છે.' એક છોકરો બાલુબેનને બોલાવી લાવ્યો. અમે જોયું તો કુપોષણની છાપ એમના ચહેરા પર બોલતી હતી. ઉંમર હશે આશરે ૩૫ વર્ષ...

'તમારું નામ બાલુબેન છે?'

હોવે ! એક ટૂંકો ઉત્તર આપી એમણે ચૂપકીદી સાધી લીધી.

'શું કામ કરો છો?' 'સફાઇનું'.

'ક્યાં સફાઇ કરો છો?' 'ખાટકીના ઝૉંપા પાસે - કુંભારવાડાની પાસેના વંડામાં.' કોનો વંડો છે? 'પ્રભાતસિંહ દરબારનો.'

કેટલા વાગે વંડો વાળવા જાવ છો?

'વહેલી સવારે-ભળભાંખળું હોય ત્યારે જ કામે જઇએ છીએ. વંડો સાફ કરી પાવૈયાના સ્મશાન પાસેના નાળામાં ફેંકી દઇએ છીએ'.



## હિંદુત્વ : એક અધ્યયન

કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન (વડોદરા)
પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૦૪,
કિંમત રૂ. ૩૦, પાનાં : ૧૧૨

*સર્વોદય ચિંતકની અહિંસક શૈલીમાં બહુ વગોવાયેલા હિંદુત્વનું મૂળગામી અધ્યયન. ૧૪ પ્રકરણો ઉપરાંત રામકૃષ્ણ-વિવેકાનંદ પ્રણીત હિંદુત્વનું પરિશિષ્ટ.*

આજે સવાલ માત્ર તત્કાલીન કોમી વિખવાદનો જ નથી અથવા તો વિભિન્ન વિચારધારાઓના વિતંડાવાદનો કે પક્ષાપક્ષીના રાજકારણનો નથી. સવાલ મૂળમાં ભારતીય સંસ્કૃતિનો છે, હજારો વરસથી આ ભારતભૂમિમાં જે એક માનવીય ને સાંસ્કૃતિક સાધના ચાલી રહી છે, તેની અખંડતાનો છે. આ ભૂમિનું આગવું કાંઇક પોતીકાપણું છે, એક આગવું મિશન છે. સમન્વય અને સંસ્કૃતિ-સંગમ એ આ ભારતભૂમિની દુનિયાને સૌથી મોટી દેણ છે. ક્ષણિક ઝનૂન, સંકુચિત દૃષ્ટિ, સંકીર્ણ ખ્યાલો, ટૂંક નજરિયા આપમતલબી રાજકારણી ઊધમાતો વગેરેથી આપણી ભારતીય સંસ્કૃતિના આ મૂળ મિશનને કોઇ જફા ન પહોંચે, તે માટેની ઊંડી ને ગંભીર નિસ્બત આજની ઘડીએ આપણે સહુએ અનુભવવી જોઇએ. અહીં મેં જે કાંઇ કહ્યું છે, તે આવી નિસ્બતથી જ કહ્યું છે. અને તે આવી જ નિસ્બતથી વંચાય, એવી પ્રાર્થના છે. (પ્રસ્તાવનામાંથી)

## હિંદુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો



મકરન્દ મહેતા
અમી પબ્લિકેશન (અમદાવાદ)
પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, કિંમત : રૂ. ૯૫, પાનાં : ૨૯૪

*વણખેડાયેલા એવા ગુજરાતના દલિતોના ઇતિહાસ વિશેની તદ્દન નવી અને ચોંકાવનારી ઐતિહાસિક વિગતો દર્શાવતું પુસ્તક. ૧૯મા સૈકાના ગુજરાતના અસ્પૃશ્યો, સયાજીરાવની દલિતોદ્ધારની પ્રવૃત્તિઓ, દલિતોના નોંધપાત્ર સંઘર્ષો, ડૉ. આંબેડકરની અમદાવાદની મુલાકાત જેવા ઐતિહાસિક પ્રસંગો વિશેની અધિકૃત માહિતી અને વિશ્લેષણ.*

કાલારામ મંદિરપ્રવેશ સત્યાગ્રહ લાંબા સમયથી ચાલી રહ્યો હતો, પણ બી.જી. ખેર જેવા કોંગ્રેસી નેતાઓના અપવાદોને બાદ કરતાં ગાંધીજી કે તેમના કોઇ પણ અનુયાયીઓએ તેને વિશે હરફ પણ ઉચ્ચાર્યો ન હતો...મંદિર પ્રવેશ સત્યાગ્રહ જ્યારે પૂરવેગે ચાલી રહ્યો હતો...ત્યારે 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજીએ ઘોષણા કરી કે 'હું તો હરિજનોને કહેતો આવ્યો અને કહું છું કે મંદિરપ્રવેશ માટે સત્યાગ્રહ કરવો નકામો છે. આવો સત્યાગ્રહ તો સવર્ણોએ કરવાનો છે, હરિજનોને મંદિરપ્રવેશ કરાવવાની ફરજ તો સવર્ણોની છે. જ્યારે સમય પાકશે ત્યારે સ્પૃશ્યો પોતે જ સત્યાગ્રહ આદરશે.'